# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


અખબારી યાદી તા ૧૨/૬/૨૦૨૩

- **મહારાષ્ટ્રના કૃષિ પ્રધાનશ્રી અબ્દુલ સત્તારે બોગસ બિયારણ વેચનાર બીજ બુટલેગરોને ઓછામા ઓછી 10 વર્ષની સજાની જોગવાય સાથે કાયદો લાવવાની જાહેરાત માટે તેમને અભિનંદન…- મનહર પટેલ**
- **મહારાષ્ટ્ર સરકારે બિયારણ મામલે ખેડૂતો સાથે છેતરપિંડી અને ખેડુતોની આત્મહત્યા રોકવાના મોટા નિર્ણયને ગુજરાતના કૃષિમંત્રીશ્રી આવકારીને અને પોતાના રાજ્યમા બીજ બુટલેગરોને આજીવન કેદની સજાની જોગવાય માટે કાયદો લાવવાની જાહેરાત કરે – મનહર પટેલ**

મહારાષ્ટ્ર રાજ્યની સરકાર જે કાયદો લાવી રહી છે તે કાયદો ગુજરાતની ભાજપા સરકાર પોતાના રાજ્યના ખેડુતોને સુરક્ષિત કરવા માટે લાવવા તૈયાર નથી ?

સમગ્ર દેશમા સૌથી વધુ બોગસ બીજ ઉત્પાદન કરતા બીજ બુટલેગરો ગુજરાતના છે, જે દેશના છ રાજ્યોમા બોગસ બીજ વેચવાનુ ખુબ મોટુ સામ્રાજ્ય ધરાવે છે. તેને ગુજરાત સરકારમા કોણ હિંમત અને આશરો આપી રહ્યુ છે ?

રાજયમા ખેડુતો બોગસ બીયારણનો ભોગ ન બને તે માટે તેને સુરક્ષિત કરવા માટે રાજયના વર્તમાન કાયદાનુ પણ પાલન કરવામા રાજ્ય સરકાર નિષ્ફળ છે એ જ સ્પષ્ટ કરે છે કે ગુજરાતની ભાજપા સરકારને ખેડૂતોના મુદા નિવારવામા નહી બીજ બુટલેગરોની મલાઇમા વધુ રસ છે.

ખેડુતોની માંગને અમારુ સમર્થન છે કે બીજ બુટલેગરોને આજીવન કેદની સજાનુ કાયદામા પ્રાવધાન કરતો કાયદો વહેલામા વહેલીતકે ગુજરાતમા લાવવામા આવે.

મનહર પટેલ

મનહર પટેલ
પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ